**<u>ફોજદારી કેસ નં. ૮/૧૪</u>**

**<u>-: અંક-૧ લગત હુકમ :-</u>**

૧. આજ રોજ કેસ રેકર્ડને ઘ્યાને લેતા, આરોપી વિરૂઘ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપીને પ્રોસેઈ ઈસ્યુ કરવા છતા તે બજે અથવા વગર બજેપરત આવેલ નથી.

૨. ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઓથોરીટીના પત્ર નં .૧૭૮/૧૮, તા.૨૩/૦૧/૧૮ ના પરીપત્ર દવારા તથા મહે.ચીફ મેટ્રો.મેજી.સા.ના કચેરી આદેશ નં.૦૨/૧૮ તા.૨૪/૦૧/૧૮ અન્વયે સ્પેશીયલ સીટીગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામા આવેલ છે.

૩. સી.આર.પી.સી.કલમ-૨૫૮ વંચાણે લેતા સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલા હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમા આ અદાલતને ચૂકાદો ઘોષીત કર્યા સીવાય તેનાં કારણો નોંઘીને કોઈપણ તબકકે કાર્યવાહી બંઘ રાખી શકવાની સત્તા આપવામા આવેલ છે. વઘુમા જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંઘ્યા બાદ કાર્યવાહી બંઘ રાખવામા આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી મૂકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કીસ્સામા આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન-તહોમત મૂકત કરવામા આવે, એવી અસર થશે આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય તો આરોપીને મૂકત કરવામા આવે, ત્યારે બિન-તહોમત મૂકત કરવામા આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમા નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતિ અઘિનિયમ કલમ-૩૦૦ (૧) અને (૫) નો બાઘ આવશે નહી. વઘુમા આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રીવાઈવ કરવાની પણ સત્તા આપવામા આવેલ છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ઘ્યાને લેતા સમન્સટાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરીયાદ કલમ-૨(ઘ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતા, આરોપીને પ્રોસેસ કરવા છતા બજવણી થઈ શકેલ નથી. એવા સંજોગોમા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હીતમા ઉચીત જણાતી ન હોઈ, નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**<u>-: હુ ક મ :-</u>**

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અઘિનિયમની કલમ-૨૫૮ હેઠળ બંઘ રાખી આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે મુદામાલ દેશી દારૂ તથા વાહન અંગે અગાઉ જો કોઈ હુકમ થયેલ હોય તો, તે આથી કાયમ કરવામા આવે છે અને જો કોઈ હુકમ ના થયેલ હોય તો મુદામાલ દેશી દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવો તથા મુદામાલ વાહન આર.સી.બુકની ખરાઈ કરી માલીકને પરત સોંપવો. મુદામાલ નાંણા સરકાર ખાલસા કરવા. તે સીવાયના બાકી રહેતા બિન-કિંમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજોરોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તારીખઃ ૨૨/૪/૨૦૧૮.
મુકામ : અમદાવાદ.

( હરીશકુમાર નવિનચંદ્ર રામાવત )
ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,
કૅાર્ટ નં. ૨૦, અમદાવાદ.કોડ નં.જી.જે.૦૦૮૨૨